૫૫૫૨

રસિક લલિતા

નાટક—અને

ત્રિશંકુ ચરિત્ર.

ગ્રંથ કર્ત્તા.

જમનાશંકર દયાશંકર પંડ્યા.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ભગુભાઈ પ્રેમચંદની કુંપની.

તથા

મોતીલાલ કપુરચંદ શાહ.

અમદાવાદ.

પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં

એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ "પ્રેસમાં"

નથુભાઈ રતનચંદ મારફતિયાએ છાપ્યું.

સંવત ૧૯૪૯—સન ૧૮૯૩.

કિંમત ૦—૪—૦

નોટીસ.

અગસ્ત્યમિલનનો હક્ક સરકારમાં સને ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ પ્રમાણે રજીસ્ટર કરાવી પ્રગટ કરતાએ સ્વાધીન રાખ્યા છે માટે કોઈએ છાપવું અગર છપાવવું નહીં.

આ પુસ્તકમાં પ્રિયમીત્ર મોતીલાલ કપુરચંદ તથા છગનભાઈ મગનલાલ એ બંને સાહેબોએ જોઈતી મદદ આપી છે. તેથી તેમનો આ પ્રસંગે અત્યંત આભાર માનુછું.

લી૦

B. P.

अर्पण पत्रिका.

રા. રા. મણીભાઇ જશભાઇ.

દીવાન બહાદુર—મુ૦ વડોદરા.

પરમ કૃપાળુ

આપણે શિક્ષણીય ગ્રંથો વાંચવાનો શોખ, વિદ્યાવૃદ્ધિ તરફની પ્રિતી નીતિને અનુસરતા મીલનસાર પણું તેમજ દયા, ક્ષમાદિક શુદ્ધબુદ્ધિના સર્વોત્કૃષ્ટ ગુણોએ કરી પ્રજાને સુખી કરતા, અને ગુર્જર ગ્રંથ કર્તાના ઉગતા ગુણોની ગણના કરીને યોગ્ય આશ્રય આપવામાં અહોનિશ અગ્રેસર તરીકે જે અત્યુત્કંઠા ધરાવો છો.

એવા જે આપ દયાળું કદરદાન ધર્મ ધોરંધર વિરાજ સાહેબના ગુણોનું સખાવતપણું મુલકે મુલક મશહુર હોવાને લીધે આપણા પ્રસંશનીય સૂભ ગુણોથી આકર્ષાઇ આ નાટકનો લઘુ ગ્રંથ આપ નામદાર સાહેબની પવિત્ર કર કમલ પ્રત્યે સુદ્ધ અંતઃકરણથી પ્રેમ પુર્વક અર્પણ કરછું. તે સ્વીકારશો.

હુંછું તમારો આજ્ઞાંકીત શેવક.

ભગુભાઈ પ્રેમચંદ શાહ.

રસિક લલિતા નાટક
યાને
ત્રિશંકુ ચરિત્ર.

નાટકનો ટુંક સાર.

આ ભરતભૂમી ઉપર પુર્વે સત્યયુગમાં, ઘણા ઘણા સત્યવાદી, શુરવીર અને ધર્માત્મા રાજાઓ થઈ ગયા છે પણ સૂર્યવંશના ભૂપતિઓ જેટલા એક વચન, સત્યતા, પતિવ્રત અને શૌર્યમાં વખણાવા છે એટલા બીજાઓ નહિજ વખાણાયા હોય, આ રાજાઓના જન્મચરિત્રો એક એકનાથી સરસ અને પ્રસંશા કરવા યોગ્ય છે. ભગવાન રામચંદ્રજીના એક વચન, એક બાણ અને એક પતિવ્રત વિષે કોણ નથી જાણતું? તેમજ તેમના પિતા દશરથનો એક વચન અને એક ટેક પણ જગતમાં પ્રખ્યાત છે કે જેમણે પોતાની રાણી કૈકેયીને આપેલું વચન પાળવા માટે રામચંદ્ર પાટવી પુત્ર છતાં પણ તેમને વનવાસ કાઢ્યા હતા. તેમનોજ વડીલ હરીશ્ચંદ્ર વિશ્વામીત્રને આપેલું પોતાનું વચન પાળવા માટે હાલહવાલ થઇ ગયો, રાણી તથા પુત્રને વેચ્યાં અને દુર્દશામાં આવ્યો છતાં પણ બેવચની થયો નહિ. આ નાટકનો નાયક ત્રિશંકુ અથવા સત્યવ્રત સત્યવાદી હરીશ્ચંદ્રનો પિતા થાય. નાટકમાંનો કેટલોક ભાગ સત્ય અને કેટલોક કલ્પિત છે. અયોધ્યાના રાજા બાળચંદ્રનો પાટવી કુંવર મનરંજનાર્થે સંધ્યા સમયે પોતાના બાગમાં મિત્રો સહવર્તમાન આવીને ઉડતા ફુવારાની પાસેના લતા ગૃહમાં બીરાજેલો છે ત્યાંથી આ નાટકની શરૂઆત છે.

નાટક આરંભીત થતા પેહેલાં સુત્રધાર આવી મંગળાચર્ણ કરી પોતાના પુત્ર નિત્યાનંદને પાત્રો શણગારી સજ્જ કરવા સુચના કરે છે અને ત્યાર બાદ પાત્રો રંગભૂમી ઉપર આવી ઇશ્વર પ્રાર્થના કરે છે ત્યાર પછીથી નાટકનો સમારંભ થાય છે. વાટિકામાં બેઠેલો સત્યવ્રત ઉદ્યાનની અનુપમ સૌંદર્યના વિશે વાતો કરી વિનોદ કરે છે

તેવામાં નય વિશે કાંઈ વાતચીત ચાલે છે. એકદમ દુર્મતિ નામનો તેનો મીત્ર વચમાં બોલી ઉઠી એક કન્યાના અત્યુત્તમ સ્વરૂપ વિશે વાત ચલાવે છે. આ કન્યાની પ્રસંશાથી આતુર થયેલો સત્યવ્રત તેને તે બાળા વિશે વધારે પડપૂછ કરે છે. આ સમયે શીખામણ દેવી નીરર્થક જાણી ચીત્રસેન નામનો તેનો બીજો મીત્ર ઉઠી ચાલ્યો જાય છે. અને ત્યારબાદ સત્યવ્રત અને દુર્મતિ તે કન્યાનું હરણ કરવા નિશ્ચય કરે છે. બીજે દીવસે સત્યવ્રત તે કન્યાને વનને બહાને નિકાલી જોઈ હરી જાય છે. આ વાત તેના પિતા બાળચંદ્રને માલુમ પડતાં તે તેને નગરબહાર કાઢી મૂકે છે. પસ્તાવો પામેલો સત્યવ્રત પોતાની વહાલી સ્ત્રી, પુત્ર અને મિત્રોને મળી પોતાના પુષ્કળ નામના મિત્ર સહીત વનમાં જાય છે.

અંક **બીજો**—દેશમાં દુકાળ પડેલો જાણી અને પ્રજાને અન્ન વિના પીડાતી જોઇ પ્રજાવત્સલ રાજા બાળચંદ્રે ગુરૂ વશીષ્ઠની સલાહથી શંકરની આરાધના કરવા વનમા જવાનો નિશ્ચય કર્યો. પોતાનું રાજ્ય તેણે શાસ્ત્રસંપન્ન ગુરૂ વશીષ્ઠના હાથ નીચે પોતાના પૌત્ર હરીશ્ચંદ્ર કે જે આ વખતે દસ અગ્યાર વરસના હતા તેને સોંપ્યું. દુકાળને લીધે અન્ન ન મળી શકવાથી વિશ્વામીત્રની પત્નિ અને તેના બાળકો ભુખથી અતિ પીડાતાં હતાં. વિશ્વામીત્ર જે વર્ષ આગમજ તપ કરવા ગયા હતા તેતો હજુ આવ્યાજ નહતા. નિરાધાર ઋષિ પત્નિએ નિરૂપાય થઇ આખરે એકાદ બાળક વેચવાનો નિશ્ચય કર્યો. બાળકના ગળામાં ફાંસો નાંખી વેચવા જતી આ અબળાને કુમાર સત્યવ્રત દૈવયોગે સામો મળ્યો. આ દેખાવ જોઈ દયાળુ સત્યવ્રતનું મન દયાથી દ્રવીભૂત થયું. સત્યવ્રતે સહકુટુંબ ઋષી પત્નિનું પોષણ કરવાનું વચન આપી ઋષી પત્નિને ધૈર્ય દઇ ઘેર વદાય કર્યાં આજ પછી સત્યવ્રત વનમાં પશુ પક્ષીઓનો શિકાર કરી તેમનુ તથા પોતાનું પોષણ કરતો એક દીવસ ઝાડને ઓથે ઉભેલી કાબી ગાયને હરણ જાણી તેણે બાણ માર્યું. આ ગાય વશીષ્ઠની હતી ગાય મરણ પામી અને સત્યવ્રત પાસે જઈને જોતાં પસ્તાયો. પણ શુ કરે જે બન્યું તે બન્યુંજ.

અંક ૩ જો—ગાયનાં મરણ સબંધી ખબર વશીષ્ઠને પડવાથી

ક્રોધ યુક્ત થઇ વશીષ્ટે શાપ દીધો. વશીષ્ટના શાપથી ત્રિરૂપ થએલો એટલે જેના માથામાં ત્રણ શીંગડા થાય છે એવો સત્યવ્રત અત્યંત સંકટમાં આમ તેમ વનમાં રઝળી રખડી દીવસ નિર્ગમન કરવા લાગ્યો. રાજા બાળચંદ્રને શંકર પ્રસન્ન થયા. એ અયોધ્યામાં પાછો આવ્યો અને બધે વૃદ્ધી થઇ.

તપોવનમાંથી આવેલા વિશ્વામિત્રને તેમની સ્ત્રીએ ત્રિશંકુ વિષે સર્વ હકીકત કહી. સત્યવ્રત ઋષીજી પાસે સ્હાય માગવા ગયો. પોતાના પર સત્યવ્રતનો મોટો આભાર થયો છે એમ જાણી પોતાના તપના પ્રભાવથી ઋષીએ તેને સ્વર્ગમાં સદેહે મોકલ્યો.

ઇંદ્રરાજાએ સત્યવ્રત સ્વર્ગમાં આવે છે એ વાત જાણી અને આ મનુષ્ય જાત સદેહે સ્વર્ગમાં આવે એ અઘટીત છે એમ જાણી પાછો તેને પતીત કર્યો. સ્વર્ગમાંથી પડતાં ત્રિશંકુએ ચીસ પાડી એટલે મુનીએ તપો બળથી તેને અધર રાખ્યો અને નવી સૃષ્ટી ઉપજાવવા માંડી. બ્રહ્માએ આવી નવી સૃષ્ટી ન ઉત્પન્ન કરવા ઋષીની પ્રાર્થના કરી. સત્યવ્રતને પાછો ભૂમી ઉપર લાવી તેના સંગાં સંબંધી સાથે મેળાપ કરાવ્યો. સગાં વહાલાંને મળી તેજ વખતે સત્યવ્રત દીવ્ય દેહ ધારણ કરી શચીકાંતા સહવર્તમાન સ્વર્ગમાં ગયો.

લી. જમનાશંકર દ. પંડ્યા.

ગ્રંથકર્તા

વાંચનારને કર્તાની નમ્ર સુચના.

હરીગીત છંદ.

જળનીધી વિશે જ્યમ કાષ્ટ આદી વસ્તુઓ હલકી તરે;
મૌક્તિક આદી મોંઘી વસ્તુ જેમ રે'છે ભીતરે;
ત્યમ દોષ જનના સ્હેલથી શ્રમ વીણુ જન હસ્તે ચડે;
પણ ગુણ કોના શ્રમ કર્યા વીણુ ના કદી જનને જડે.
રજ દોષ જેમાં હોય નહી એવો ન જન કોઇએ હશે.
અતિ બુદ્ધિશાળી જન થકી પણ દોષ કો કાળે થશે.
પણ સુજ્ઞ જનની રીત છે કે દોષ તજીને ગુણ સજે;
જેમ હંસ નિર્મળ પય પીને તેમાં ભળેલું જળ તજે!

त्रिशंकु चरित्र उर्फे सत्यव्रत शशीकळा.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

મંગળાચરણ.

સુત્રધાર— રાગ પીલુ.

(કહુ શું નર્ણાગે દુખીઆ પ્રેમા છે) એ રાહ.

આદિ પ્રભુ જગત સકળ રચનારા, કથન કરૂં શું હું ગુણ તમારા. આદિ
બ્રહ્મ તમારી મહત ગતીને, શી ગતિ જાણું માણસ જન બ્હારા આદિ
લીલા થકી પ્રભુ જગત બનાવ્યું, તો. જગતમાં છો પ્રભુ રમનારા આદિ
પાલન કરતા ઇશ તમે છો, આપજ છો વળી સંહારનારા. આદિ
નમી કહું ઇશ કરૂણા સિંધુ, નાશ કરો સહુ વિઘ્ન હમારાં. આદિ.

નિત્યાનંદ— મરાઠી સાખી.

પૂજ્ય પિતાજી વચન સુણીને, ઉલટથી હું આવ્યો,
નમન ધરી તમ પાસ ઊભો છું, શુભ આજ્ઞા ફરમાવો.
હાજર આપ કને, વદન નામી કહું તમે.

સુત્રધાર--- રાગ ઉપરનો.

સદ્ગૃહસ્થ જનો ભિન્ન ભિન્ન જ્ઞાતીના, ઉત્સુક બનિયા આજે:
રાય ત્રિશંકુ આર્ય ભુપતિનું, ચરિત્ર જોવા કાજે.
પાત્રો શણગારી, કર સુત સઘળી તૈયારી.

સ્તુતી રાગ કલ્યાણ.

પાત્રો—(શ્રી જગતપતિ પ્રભુ આપ સન્મતિ) એ રાહ.

હે કૃપાનિધિ, કરીને કૃપા અતિ,
મયા ધરી હે જગત તાત, ટાળો દુર્મતિ. હો૦
ભક્તાધીન ભુધર ભગવંતા, હે દીન બંધુ દયાળ,
હે જગપાલક દુઃખ નિવારક, સન્મતિ અમને આલ. હો૦
આર્ય રાજવી અવધપુરીમાં, પૂર્વે થયા અપાર,

સત્ય ટેક જાળવવા માટે, બન્યા હાલ બે હાલ. હે૦
સત્યવાદી નૃપ હરીશ્ચંદ્રના, પિતા ત્રિશંકુ રાજ,
'શુભ ચરિત્ર ભજવવા તેનું ઇચ્છા ધરીયે આજ. હે૦
હસ્ત ઉભય ધરી વંદન કરીયે, નમ્ર થઇ જગરાય,
હે વિશ્વે વર આપ કૃપા થકી, કાર્ય સફળ અમ થાય. હે૦

રોળાવૃત્ત.

(વાહ વાહરે શેહેર સ્નેહપુર સારૂં શોભે.) એ રાહ.

મીત્ર જુઓ આ બાગ અનુપમ દીસે સારો;
પુષ્પ ખીલવાં સોપાસ વૃક્ષની સુંદીર હારો.
કેળ તણા બહુ વૃક્ષ, રોપીને રચના કેરી;
કાપિત દીસે ભાત, ખરેખર જોવા જેવી.
ભ્રમર કરે ગુંજાર, પુષ્પ ગોટાઓમાં પેસી.
સુગંધ લેછે સાર, પાંખડી ઉપર બેશી.
આમ્ર તણા સહુ વૃક્ષ, મોરથી ઝુમી રહ્યાં છે;
અતિ રમણીય હે ભાત, ખરેખર વૃક્ષ ઘટા છે.

સત્યવ્રત— **(સુંદીર શોભા શી બની આ.)**

રમણીય રચના શી દીસે આ;
મીત્ર આ બાગની, અનુપ અથાગ વેલીઓ સાજી.
મસ મસની સૌ વેલી લતાઓ સુંદરી દીસે આજ,
બહુ મધુપ ગુણુ ગુણુ કરે કુસુમ પર,
સૌ કળી છે ખીલી, વાહ! વાહ! શી ફરફર કરે;
સમીર સુગંધી રમણીય૦

દુર્મતિ— **લાવણી.**

(કાયા નગરમે દુકાન ધરમકી) એ રાહ.

રૂપ અનુપમ અતિશય એનું, થાય નિરખતાં ભ્રમીત મતી;
ઉર્વશીથી પણ રૂપ અધીક છે, ચાલ ચાલતિ હંસ ગતી.
ગૌર વર્ણને સુંદીર કાંત, ચંપક વરણી એ નારી;
વદન શશી સમ શોભીત સુંદીર, આંખ અનુપમ અણીયાળી.
અન્ય નારીએ સમ નથી, દીઠી ભૂમી ઉપર કદી રૂપાળી,
દીંગ થયો છું હે મમ મિત્રો, તે લલનાને નિહાળી.

સત્યવ્રત—

મોગ કુમતિ પ્રાણુ સખાઓ, મુજ મનમાં અતિશય ભાવોઃ
કૃપા કરીને ગીત ગાઇને, એક પ્રેમદા બતલાવો.

કુમતિ— ગીતી.

ગૌર અને લટકાળી, અંબુજ વરણી આંખ ગોળ કરણી;
આભુષણ ધરી ફરતી, એ લલનાએ કાલ હતી વરણી.

સત્યવ્રત— (નાથ આ અનાથને મુકીશું ચાહ્યા જાઓ.

કમળ નયન ચંદ્રવદન, મંદ હસ ચાલ છે
અનુપ રૂપ આ દીસે, વિશાળનો કપાળ છે. કમળ૦
પામું હર્ષ જોઈ એહ, બાર તેર વર્ષની,
દીર્ઘ આંખ દીપતી, ભ્રકુટી જન વિશાળ છે. કમળ૦
વસ્ત્ર શુભ પ્હેરીયા, નવીન આજ હોંસમાં,
જાંનુપુર પાયમાંને, કંઠે પુષ્પ માળ છે. કમળ૦
જન ગજે ન નારી એહ, જીંદગી અકાર છે.
ગૌરવર્ણી પ્રેમદાની, આકૃતિ રસાળ છે. કમળ૦

પ્રવેશ ૩ જો.

કુસુમા— (સચી તેરી વફાદારી.) એ રાહ.

થજે સહાય ત્રિપુરારી, સ્તુતી સુણી પ્રભુ મારી.
ફસીશું પાપીના પંજામાંય, અરે જગરાય.
કરોને સ્હાય અરજ ઉરધારી. થજે૦

(એસે ધોકા દેને વાલે એ રાહ.)

અરે નીચ વ્યભીચારી, નહિ આવ પાસ મારી.
પાપી નીચ દુરાચારી, ધીઃક ધીઃક મતી તારી,
પાપમાં ડુબાવનારી, કરવાને ચાહ્ના જારી. નીચ૦
અરે ક્ષત્રીનો તનુંજ થઈ, કુરસ્તે તું ગયો ગયો;
વિપ્ર અને અબળાને દુઃખકારી થયો થયો.
પાપ ભરી કૃતિ કરી, કામીને કુટીલ ખરી;
વિપ્ર તણી સુતા હરી, ઇશથી ન ડર્યો જરી. નીચ
સ્થીતી કેવી કરી મારી, દયા નહિ લેશ ધારી;

દુઃખ દીધું આજ ભારી, બનાવી છે દુઃખિયારી
ધારીને કુટીલ મતિ, દુરાચારી વાણી વદી;
ફસાવાને જાય મદી, પણ ફસું નહી કદી.
અધમ અપાર, મન માંહી નકી ધાર;
પ્રાણ ગયે પણ સાર, કદી નથી ચળનાર;.
બસ બસરે મલીન મતિ, નર આપ દુઃખભારી નીચ૦

સત્યવ્રત— (એજી સાહેબ નતી જા મીલ જાયગા) એ રાહ
શુભ મારી અરજ ઉરમાં ધરજે, ઉરમાં ધરજે મુજને વરજે. શુભ.
તન મન ધન હું દઇશ તુજને, અયે દુર્બુદ્ધિ ચુપ. અરજ૦
તરૂણી જો વરશે મુને, મળશે સુખ અપાર;
સેવા તારી હરઘડી કરશે. દાસ હજાર. હે નારી નીશ દી સુખ અ-
તિ મળશે.

કુસુમા—મલીન મતિરે ચપ અરજ૦

સત્યવ્રત—હે નારી સુખને તજી, શીદ સહે દુઃખ સારઃ
તજી મુને સુખ નહી મળે, નારી તુને લગારઃ હરઘડી
તુજ તન દુઃખ અતિ ખમશે.

કુસુમા— રે અવિચારી ચૂપ. અરજ૦

કુસુમા—(દયા આણી દીન જાણી તમે આવી મળોરે)એરાહ
મ્હેર ધારી, ત્રિપુરારી મ્હારી સ્હાય કરોરે.
આજ પ્રભુ મુજ કષ્ટ હરો. મ્હેર૦
પાપી કુમારે કેદ કરી છે;
તે થકી ઉગારે તો કૃપાળુ ખરો રે. આજ.
તું વીણુ મારે કો નહિ બેલી;
દાસી ગણી ઇશ આપ્ર મને હાથે ધરોરે. આજ.

પ્રવેશ ૪ થો.

સોરઠની ગજલ.

બાળચંદ્ર—(જેના રાજ્યમાં નહી ન્યાયરે ધીઃક ધીઃક છેતે નરેશરે;)
બહુ રાજ્યમાં દુષ્ટો વસે; અધર્મ માર્ગે તે ધસે;
જો તપાસ તેનીજ ના થશે, પછી ન્યાયરે નહીં લેશરે; જેના.

મારે મમ પતનના સૌ નરો, ન અંતર્મમાં ડગલુ ભરો;
ફક્ત ધર્મ મારગ આચરો, રહો ધર્મ પાળી હમેશરે. જેના૦
જે નીત્ય નીતીથી ચાલશે, પ્રેમે પતિ વ્રતને પાળશે;
ન કુરુપ ગૃહમાંહી ધાલશે, થશે રાજી તે પર પરમેશરે. જેના૦
જેના રાજ્ય માંહીજ ન્યાયરે; નવ થાય કો દી અન્યાયરે;
તદા ધારી વૃષ્ટી થાય છે, રહે તુષ્ટ જેથી સુરેશરે. જેના૦

પ્રધાન— **મરાઠી સાખી.**

હે મહારાજા આપપુરીમાં, કો નહી લોએ પાપી:
બાળ સકળને આપે માથા, શિક્ષાઓ પુરી આપી.
સૌકો સત્ય વદે, ધારી બીક હરીની -હદે.

અનુચર—(નિર્લજ્જ શત્રુ શામળ) એ રાગ.

વિપ્ર જનો દસ વીસ મળીને આપ સભા માંહી આવે છે
ફરિયાદી કરવા તમ પાસે, ઇચ્છા અતી દરશાવે છે.

રાજા—ભલે, ભલે ભલે આવવા દે એમને હું પાશ;
અરજ શુ કરવાની એમને છે આશ;
પડયું એમો શું દુ:ખ કેમ બનીયા નિરાશ.

બ્રાહ્મણો— ગજલ.

ફીરીયાદ છે ફીરીયાદ છે ફીરીયાદ રાજવી;
ઘણોજ પાપી છે તમારો પુત્ર પાટવી. ફીરી૦
જુલમ આજ છે થયો અપાર શીરતાજ;
થયુ છે હર્ણ મંડપેથી પુત્રી કેરૂં આજ. ફીરી૦
ગયો કુમાર આપનો લઈ હમારી બાળ;
કૃપા કરી અપાવીએ પ્રતાપી હે ભુપાળ. ફીરી૦
કૃપા અનાપ આપને ભુપાળ રાખવી;
અપાવીએ હમારી બાળ દાસ પાટવી ફીરી૦

બાળચંદ— (રાગ ક્ષત્રી કલંકનો)

પાપી દુષ્ટ બ્યભીચારી હે કુમાર, ધીઃક્કાર ધીઃક ધીઃક તને રે;
કેમ પ્રગટયો તું કુળમાં અંગાર., ધીઃક્કાર ધીઃક ધીઃક તને રે,
અરે અધમ શું દેખાડે છે મુખ, ધીઃક્કાર ધીઃક ધીઃક તને રે;
તીય લજવી તેં જનેતાની કુખ, ધીઃક્કાર ધીઃક ધીઃક તને રે;

વ્યભીચારી થયો તજી કુળાચાર, ધીઃકાર ધીઃક ધીઃક તને રે.
નત દેખાડ તું મુખ હે ગમાર, ધીઃકાર ધીઃક ધીઃક તને રે;
તને કેમ લાગે રોમ રોગ જવાળ, ધીઃકાર ધીઃક ધીઃક તને રે.
ઝટ જાને પાપી શેહેરથી આ કાળ, ધીઃકાર ધીઃક ધીઃક તને રે;
નીત્ય વસતુ જંગલમાં હમેશ, ધીઃકાર ધીઃક ધીઃક તને રે.
ફરી ન કરીશ પુરમાં પ્રવેશ, ધીઃકાર ધીઃક ધીઃક તને રે;

સત્યકામ— સોરઠી ગજલ.

(હાડું ઉઠી છે દુઃખની દીલમાં) એ રાહ.

હે પિતાજી હાથ જોડું, મુજને કરૂણા કરો;
છો કૃપાળુ તાત માત, ક્રોધ આવો શું ધરો. હે૦
કામ જોરે મન મારૂં, ના રહ્યું સાબુતરે;
તાતને ઘટતું ન આવું, પુત્ર થાએ કપૂતરે. હે૦
દુષ્ટ દુર્મતિનો સંગાથી, કીધું આવું કામરે;
વિયોગ તાત ભુલ્યો, ભાન મારૂં તમામરે. હે૦
આજ કહું છું હાથ જોડી, મન રાખી સાફરે;
ભુલ થઇ છે મોટી, તોયે રાય કીજે માફરે. હે૦
દીન વાણીએ કહું છું, કરગરી આ વારરે;
માફ કીજે એક ફેરો, છો કૃપાળુ સારરે. હે૦

સત્યકામ— (પ્યારાસે બાદલી કયુ નજર તોરી.)

કૃપા કરી સુણો જરી અરજ મારી;
અન્ય વખત હું આવું કરીશ નહિ, માફ કરો આ કાળ;
ક્રોધ કરી નહિ મુજપર આવો, રે કહું આપનો બાળ. અર૦
બહુ થયા તે હવે જવાદો, પૂજ્ય પિતા આ વાર;
એક વખતની ભૂલ ગુજારો, પિતાજી કૃપાળુ સાર. અર૦

પ્રવેશ ૫.

દાસી— (રાગ ઇંદ્રસભા.)

પ્યારી બાઇ આપ આજ કેમ છો ઉદાસ;
કૃપા કરી જણાવી દીજે દીન દાસી પાસ;

કહો શું દુઃખ આઇ આપને પડ્યું અમાપ;
તે થકી બની ગયાં નિરાશ આમ આપ;
ખાન પાનની કમી આપને લગાર;
અનેક દાસ આપની હજુરમાં તૈયાર;

શશીકળા— (મદન પડયો કેડેરે એ રાહ.)

પડે ન ચેન કાંઇરે, તે થકી ઉદાસરે. પડે૦
મારૂં સ્વપ્ન મુને આવ્યું આજ રાતે, શોકમાં નેથી છવાઇરે. પડે૦
પ્રાણનાથ મેં દુઃખમાં દીઠા, અતિ વિપતિ માંહીરે. પડે૦
આજ નમ છોડી મુજ પ્રાણ જશે. એવું ગયું જણાઇરે પડે૦

દાસી— ઢીંડો.

સુણી નમ્ર અર્જ આજ બાઇ મારી.
કરો શોક ત્યાગ ધૈર્ય મન ધારી;
ભરો ચક્ષુએ જરા ન તમે પાણી;
કરો શોક ના લગાર સુજ્ઞ રાણી;
થાયે પુત્ર વાંઝણીને, સ્વપ્ન માંહે;
દીસે જાગતાં ન તેલમાનું કાંઇ;
તમે તેમ જુઠ સ્વપ્ન વાત જાણી;
કરો શોક ના લગાર સુજ્ઞ રાણી;
એમાં દીલગીરી હું જરા ન રાચું,
કદી સ્વપ્નમાં દીઠું પડે ન સાચું;
કરો શીદ શોક નયન વારી આણી;
કરો શોક ના લગાર; સુજ્ઞ રાણી;

નેપથ્યમાં— આશાગોડી.

અકળ કળા પ્રભુ તારી અહા ઇશ,
રાયને પળમાં રંક કરે છે, રંકને કરે છત્ર ધારી; અહા૦
જળને ઠેકાણે સ્થળ તું કરે છે, સ્થળને ઠેકાણેરે વારી. અહા૦
જીનેંદ્રીયોને પણ તું ભુલાવે, કોણ ગતિ પ્રભુ મારી અહા૦
આજ સુધી મેં દુઃખ નથી દીઠું, આજે પડયું દુઃખ ભારી.અહા૦

શશીકળા— (જરા હેણું બેની માન.)

અમુઝાઓ અતિ આપ કેમ;

ધરી મન રંગ, કહો કેમ દુઃખી એમ. અમુ૦
અરે મમ પ્રાણાધાર, દુઃખ શુ પડયું અપાર;
ધીરજ ધરી લગાર, જણાવોને દીલદાર;
આપના દુઃખથી સાર, દુઃખી બની નીરધાર;
જરી વાર લાગે દુઃખી થાઉ તેમ. અમુ૦

સત્યવ્રત— (માડી મુજ વાલમ વ્યભિચારી.)

પ્યારી પડયું સંકટ આજ અતિ, આજ અતિ પડયું આજ. અતિ૦
શુ કરવું તે કાંઈ ન સુઝે, વ્યાકુળ છે અતિ મુજ ગતી. અતિ૦
ઉત્તર દેતાં જીભ ન ચાલે, નારી મુને ગતી કાંઇ નથી. પ્યારી૦
બાલી હું રાખું છું મન મારૂં, શોક ધરે નહિ તેથી રતી. પ્યારી૦

સત્યવ્રત— [તુને કુમલા જીયરવા] એ રાગ.

મોહ કારી એ નારી, ઓ વ્હાલી મારી;
વદન શશીસમ શોભીત સુંદીર, છબી અનુપ નારી. ઓ વ્હાલી.
આજ તજીને જવું છે મારે, સુખ સંપત્તિ સારી ઓ વ્હાલી.
છેલ્લી વખત હું આજ મળું છું, તુને હે પ્રાણ પ્યારી. ઓ વ્હાલી.

શશીકળા— આહ

પ્રીય પ્રાણ આધાર, જીવન પ્યારા દુઃખી થયા અપાર,
વહે આસુની ધારા, નાથજી મારા જીવનપ્યારા દુઃખી થયા અપાર.
શી આપત્તિ આપને છે દુઃખી તેથી વિશેષ;
ત્યાગ કરોછો રાજ્ય બધુ આ, મન ધરી અતિ કલેશ;
વળી પુત્રને દારા, પ્રાણથી પ્યારાં, જીવન પ્યારા દુઃખી થયા અપાર.
વ્યાપી રહી છે શી ઉદાસી, જીવ ઘણો અમુઝાય;
મન ધારે તે જણાવા, તોયે મુખે ન વદાય,
રૂઓ આપ ચોધારા કેમ નોધારા જીવન પ્યારા દુઃખી થયા અપાર.

સત્યવ્રત— [દીલદારી કીનીરે]–એ રાહ.

દુઃખકારી ભારીરે, મારી હે કામની;
આ સ્થીતીમાં, દુઃખ અતિમાં શુભમતીના, ખરી ગતીના.
સુખ રતીના ઘડીયે પણ પ્યારીરે. દુઃખ
તુજ શીખામણ મેં નહિ માની, નારી થયો હું અતિ વ્યભીચારી;
કાઢયો તેથી મુજ પિતાએ વ્યભીચારી ધારીરે. દુઃખ.

શશીકળા— [સૈયાંનો કનરો]
આમ ઘટે નહિ આપને પ્યારા, સાથે તેડી જાઓ જીવન મારા. આ.
દુઃખો પડે તે સહીશ હું સઘળા, થાઓ નહિ પતી મુજથી ન્યારા. આ.
વિયોગ મુજથી સહેવાય નહિરે, આવીશ સાથ હું પ્રાણ આધારા. આ.
પિયુ પતિવ્રત ધર્મ છે મ્હારો, અરજ ધરો ગમ જીવન હારા. આ.

સત્યવ્રત— ગજલ.
પ્રીયા મુજ પ્રાણથી પ્યારી, નથી ત્યાં સુખ મળવાનું;
ખીચો ખીચ ઝાડીમાં થૈને, તહાં છે ચ્યાની પળવાનું. પ્રીયા૦
ઘણી વિપત્તિ ત્યાં પડશે, નહિ સુખ શાંતી ત્યાં જડશે;
ગીરી કુંજે ઘણાં નડશે, સમુળું સુખ ટળવાનું. પ્રીયા૦
નહિ વિશ્રાંતી ત્યાં લેવી, વિનોદની વાત ના કરેવી;
મુશીબત ત્યાં પડે એવી, વિમીમાં છે રઝળવાનું. પ્રીયા૦

હરીચંદ્ર— [બહુ તમારો આભાર] એ રાહ.
કરો કૃપા આ વાર પિતાજી મારા;
છેક બન્યા લાચાર પિતાજી મારા. કરો૦
હે કરૂણાળુ તાતજી મારા જોડી કહું છું હાથ;
આજ્ઞા આપો તો હું આવું, વનમાં રામ સંગાથ. પિતાજી૦
તમ વીણ મુજને ઘડી ન ગમશે હે રામ પાલણહાર;
સાથ રહીને વન ફરીશું, ધો આજ્ઞા આ વાર પિતાજી૦

પ્રવેશ ૬ ઠો.

વીરમણી— મરાઠી શાખી.
પ્રાણથી પ્યારા મીત્ર તું માન, કેમ બન્યોછું ઉદાસી,
કમળવદન તારૂં કરમાયું, દીસતું જે ઉલ્લાસી;
શું સંકટ નડીયું, કેની તુજને દુઃખ શું પડીયું.

સત્યવ્રત— લાવણી
સુણ દશા તું મારી, મીત્ર પ્રાણથી પ્યારા,
મને પડીયું આકરું દુઃખ, કર્મથી મારા;
મુજ પાપો સઘળાં, આજજ આવી નડીયાં;

તે દેવા ઝાઝું દુ:ખ, આવીને પડીયાં;
મેં 'હરણ કર્યું તું બ્રહ્મ પુત્રીનું કાલે,
તે પાપો મુજને હવે અતીશય સાલે,
તે સુણી પીતાએ ક્રોધ ઘણેરો કીધો,
ચાંડાલ થવાનો શાપ મુને પછી દીધો,

પુષ્કળ — [ઘરસેં યા કોન ખુદા કે લીએ એ રાહ.]

શોક કાળ આજ પ્રભુ કયાંથી આવીયો,
નિર્દાવી જેહ મુજ મીત્ર દુ:ખીયો થયો,
સુણી વર્તમાન ભાન શાન ભૂલીગે,
શોકના સમુદ્રમાંહી આજ ડુલીગે,
મન મુઝાય વાગ ઘાય લાગે શું થશે,
મીત્રના વિયોગ થકી પ્રાણનો જશે,

સત્યવ્રત— લાવણી.

શોહીત ફર્યો સોભાગ (૨)
ફિકા રાતર સાવર થાગ્યો મીત્ર પ્રાણ પ્યારા.
દુ:ખથી દલગીર શું થાગ્યો (૨)
ધૈર્ય રૂપી જે ખડગ હાથમાં કેમ નહિ સાહો,
મુજને દુ:ખ પડ્યું ઝાઝું (૨)
તે દેખીને આપ દુ:ખી છો દીલ માંહી દાઝું.
દુ:ખથી તમે કેમ ત્રાસો [૨]
મત્રો એતો ધૈર્ય ધરીને દેવા દીલાસો;

સત્યવ્રત— [જમુનાં જીવોરે ગોપીચંદની] એ રાહ

પ્રાણ થકી પણ પ્રીય અતિ, સુણો મીત્ર સુજાણજી;
માફ કરો મુજ દોષને, જાવું વનમાં પ્રમાણજી
તાત આજ્ઞાથી વને જઉં;
મોહ રૂપી ભવાબ્ધિ છે, છોડી તેહનો પ્યારજી;
નગર તજીને હું જાઉંછું, ખેદ ન કરો લગારજી. તાત આજ્ઞા૦

પુષ્કળ—

આશુ વહોછો રે મીત્ર થઇ, નથી ઘટતું પ્રમાણજી;
વચન તમારાં સાલે મુને, જાણે તીક્ષણ બાણજી;
આ શું વહાછોરે મીત્ર થઇ

બેસો હું જાઉં પીતા કને, સમજાવાને કાજજી;
સમજશું અતિશય ભૂપતિ, કાંધો હશે ક્રોધ ત્યાગજી. આશું૦

સત્યવ્રત—

સમજાવ્યું છે મેં અતીશય, કાંઇ નથી પરીશીક્ષજી;
સમજે નહીજ કદાપી એ, જ્યાં સુધી છે વશીષ્ટજી તાત: આજ્ઞા૦

વીરમણી—

તોપણ એક ઉપાય છે, માનો મારૂં વચનજી;
ગ્રમ રહો મુજ મંદીરે, ના જાશોરે વનજી. માનો વચન મારૂં હે સખા

સત્યવ્રત—

ગ્રમ રહું હું નહિ કદી, જાણો મીત્ર સુજાનજી;
જીવ જતાં સુધી તાતનું, ન ઉથાપું વચનજી તાત. આજ્ઞાથી૦

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

સત્યવ્રત— (કોઇ રમકડી મરજી કયા જાને) એ રાહ.

પડિયુ અતિ સંકટ આ ટાણે, નહિ અન્ય હરી વીણ તે જાણે.
જેના પર એમ વિપત્તિ પડી, તે જાણે કે ઇશ્વર જાણે પડિયું૦
રહી મ્હેલ વિશે નીત્ય મોજ કરૂં, તે આજ વિપીનની માંહ ફરૂં
અતિ જીર્ણ ખરા બહુ વસ્ત્ર ધરૂં, પડિયું દુઃખ એમ અપાર ખરૂં
મમ શુદ્ધ રહે ના ઠેકાણે, આંસુ તે નયન વિશે આણે નહિ. પડિયુ

રાગ અનઝારાની લાવણી.

વર્ણુંતું ગતિ શું તમારી, છે અલ્પ મતિ પ્રભુ મારી.
છે ઉદધી રૂપી ગતિ તારી, જેમાં માયા રૂપી વારીજી;
તેમાં ડુલી રહ્યાં નરનારી, વર્ણુંવું ગતિ શું તમારી.
છે પવન ઘણો ભયકારી, તે થકી ઉછળતું વારીજી;
મોજા પણ ઉછળે ભારી, વર્ણુંવું ગતિ શું તમારી.
છે ઝાઝ રૂપી તવ નામ, બેશીરે ધરીને હામજી;
સો તરે તે નરકે નારી, વર્ણુંવું ગતિ શું તમારી

પુંડરીક— **વસંત તિલકા વૃત.**

હે પ્રાણપ્રીય મન મીત્ર નથા ઉદાસ;
ધારી અપાર મન ધૈર્ય કરો નિવાસ,
સાચું કહું પ્રીય સખી દુઃખ વિસ્મરીએ,
તું શોક ત્યાગ કરને ઇશને સ્મરીએ,

સત્યવ્રત— **રાગ ઉપર પ્રમાણે**

હે મીત્ર કેમ કરી હું મન વાળું,
ચોપાસ આજ દુઃખને પડતું હું ભાળું;
આવી વસ્યો મુજ દદે કરી શોક વાસો,
શું ધારી ધૈર્ય મનને, દઊં હું દીલાસો;

[શુરધીઓ શુરવીર શુરાતન બતાવી] એ રાહ

ટાળો ટાળો ટાળો ઇશ્વર, કષ્ટ હમારાં ટાળો;
કષ્ટ હમારાં ટાળો સહુ બુદ્ધિને આલો. ટાળો૦
નીચ સુવસ્ત્રો પહેરી અંગ, ગનમાં ખુબ ધરી ઉમંગ
અંગ વિષે વ્યાપેલ અનંગ, રમીએ રંગ હજારો ટાળો૦
આપ દયાળુ છો જગદીશ, તેથી ન ધરો પ્રભુજી રીસ
વંદન કરીએ નામી શીશ, પાપ હમારાં બાળો ટાળો૦

પ્રવેશ. ૨

દોહરો.

અહગણ તારા જ્યાં સુધી, જ્યાં સુધી સોરજ સોમ;
ભાળચંદ્ર મ્હારાજનું, રાજ્ય રહો આ ભોમ્ય.

(નમું પદ ગિરીજાપતિને).

રાજેન્દ્ર રૂમઝુમ છુમ છુમ ધીધીકીટ ધાધા છુમ.
ભાળચંદ્ર મ્હારાજ સમીપે, નૃત્ય સરસ શુભ ચાલે,
રૂમઝુમ સનનન, રૂમઝુમ છુમ છુમ રાજેન્દ્ર.
વંદી વદે નીશદીન, ગાયે યશ બંદીજન, નીત્ય નમાવી વદન;
શુભ ઉચ્ચારી વચન, " જીવો જીવો રાજન "
રૂમઝુમઝુમ છુમ સંગીત ચાલે, રૂમ ઝુમ છુંમછુંમ રંગે. રૂમ.

માઢ

સીરદાર રહો આ રાજ્યરે, જય પામો મારા રાજ;
માગણોની ભુખ ભાગી, દાન આપી હમેશ,
બંદીજન મુખ સ્તુતી બોલે, વધુ જીવો આ નરેશરે. જય૦
ગુણી જનની મુજ વાંછુ, સત્ય નીતીને ન્યાય,
સુજશ એનો નીત્ય વાધે, પામો સુખ સદાય; જય૦

ભાગચંદ્ર— **કુમરી બાળવાની.**

સાંભળ સચીવ કહું મુજ પાસે, મુજ નગર તણી કહી સ્થીતી રે।
મમ પ્રજાજન ધર્મ શું પાળે, અન્ય જનો તણી કેવી નીતીરે; સ.
મુજ ઉપર કેવી રૈયત ભક્તી, નગરજન પર બનાવી પ્રીતીરે સત્ય૦

કારભારી — (જયકે કરૂણાકર બન બન) એ રાહ.

ન્યાય નીતીથી રાજ્ય આપનુ, ભૂપ પર નીશદીન ભાસે છે,
રામ રાજ નગરમા ભાસે નીતી, ધર્મ પ્રજન સૌ પાળે છે,
ક્યાંયે અનીતીના નાશ, ચોર બદમાશીના નાશ; (૨)
પાપીઓને ચોર તણો કરીઓ વિનાશ.
ન્યાય નિતી અને ધર્મ ચાલે રાજ્યમા ચોપાસ ન્યા૦

ભાગચંદ્ર— (વિનતી ધરજો ધ્યાન) એ રાહ.

સાંભળ સુજ્ઞ પ્રધાન, વચનો સાંભળ સુજ્ઞ પ્રધાન
ઘેરી મુદતથી હું નીત બનઉં, ગાતી પ્રજન હેરાન. વચનો
જોઉં નગરમા રંક જણો હુ, ફરતા યાચે ધાન્ય વચનો.
સીમ વિશે કાંઇ પાક દીસે નહિ, તે થકી ખાલી ન રાખું; વચનો.

આલાજી— **તોટક**

હવે આશીશ હુ તુજ દુઃખ ટળો, અધ સર્વ ટળી બહુ દ્રવ્ય મળો;
તુજ રાજ્ય પરીબળ નીત્ય વધો, અરી સૈન્યનુ જોર હમેશ ઘટો.
તુજ સજ્જની ખ્યાતી અતી વધજો, તુજ પૌત્ર પ્રતાપી ભૂ માંહી થજો;
શુભ આશીશ હુ મુખથીજ ભણું, હણુ દુઃખ તું આજ વસ્તિ તણું;

નગરજનો— રાગ રામગ્રી,

ભુપ સુણો મુજ વિનતી, પડે દુઃખ અપાર;
અન્ન મળે નહી ગામમાં, થયાં દીન ત્રણ ચાર. ભુપ૦

રાણી— એથી અધીક દુઃખ છે મુને, જીભે વર્ણવું ન જાય;
બાળક ભુખથી ટળવળે, અન્ન વિના શું ખાય. ભુપ૦
ચારો પશુને મળે નહી, ઘાસ વિનાની ભોમ્ય,
ફળફુલ પક્ષીને નવ મળે, શું ઉડી શકે વ્યોમ; ભુપ૦

(નેપથ્યમાં) કુમરી

ધર ધ્યાન હરીનું. નીશદીન મન;
મારૂં તારૂં સરવે તજીદે, ફક્ત હરી તુજ ઉચ્ચાર વદન ધર૦
કર હસ્ત ધરી હરીનેજ નમન ધર૦

વશીષ્ટ— ઝુલણાછંદ.

સુ જશ વાધો ઘણો સુજશ વાધો ઘણો, જાઓ પરીતાપ સૌ ભુપ તારો;
કોઈદી કુનીતીના ગર્ભે તુજને, કેમ કહે છે તુને ધર્મ પ્યારો. સુજશ૦
નીશદી સુખમાં કાળ નીજ ગાળતી, છે પ્રજા ભૂપતિ સર્વે તારી;
કીર્ત્તી તારી હજો દશ દીશે સર્વદા, એહ આશીશ છે રાય મારી.

રાજા— રાગ કલ્યાણ.

ગુરૂ વશીષ્ટજી, કરૂં નમ્ર વિનતી;
પ્રજાજનો આ નગરના, દુઃખીત છે અતિ. ગુરૂ૦
વિશ્વપતિએ વિશ્વની અંદર, કીધાં અનજળ સાર;
તેહ થકી સૌ પ્રાણી જીવે, અનજળ જીવનહાર. ગુરૂ૦
આ નગરીમાં ઘણા દિવસથી, વૃષ્ટી થઈ નથી સાર;
અનજળ વિના ટળવળી મરતાં, બાળકને નરનાર. ગુરૂ૦
આજ મુજને ગુરૂ બતાવો, વૃષ્ટિનો ઉપાય;
દુઃખ પ્રજાનું સરજનારી, કેમ કરી મટી જાય. ગુરૂ૦
સકળશાસ્ત્રના વેતાછોને. વેદ વિશે પણ તેમ;
ઉપાય સત્વર તેનો બતાવો, દુઃખ પડે નહિ એમ. ગુરૂ૦

વશીષ્ટ— ધનાશ્રી

જા તું તપોવનમાં, હે શાણા રાજા જાતું તપોવનમાં;
એકાગ્રચિત્તે શંકર ભજવા, રાખી સ્મરણ મનમાં, હે૦
રાજ્યરિદ્ધિની માયા છોડી, ભજ શીવ નીશદીનમાં. હે૦

શાર્દુલ વિક્રીડીત વૃત.

તૃષ્ણા છે દીક્ષમા ગ્રહી પરહરી મદમત્સરાદિકને;

મોટી સત્ય હમેશ ત્યાગ કરજે કુલક્ષણાદિકને;
પોતાના ગુણથી ફુલાઇશ નહિ સાધુજનો સેવજે,
દુઃખીના પરધાર જે નીત્ય ગયા છાંડી અહંમેદને

લાવણી

(મન તું સમરન કર હરના) એ રાગ.

મદનથી અલગ નિત્ય રહેજે, મુખથી શીવ શીવ નિત્ય કહેજે. ટેક.
મનોગમ્ય શંકરને ભજવા, કામ ક્રોધાદિકને તજવા;
ક્ષમાના ગુણ સકળ સજવા, વિચારો શંકર ગમ કરવા મદન.
ધુર્તની સંગત નહિ કરજે, લક્ષ્મીની ઇચ્છા પર હરજે;
સંગતિ સાધુની કરજે, ધ્યાન શ્રી શંકરનું ધરજે. મદન.
ફળાનું અશન કરી દેવું, પ્રાણીને દુઃખ નહિ દેવું;
કદાપી અસત્ય નવ કે'વુ, કહું છું શિક્ષામાં એવું મદન.

હરીશ્ચંદ્ર— [પ્યારા ભાઇ વધાવુંરે] એ રાહ

આજ્ઞા શીર ચડાવુંરે,
કબુલ આપ શબ્દ સદાયે કરું કરી પ્રણામ. આજ્ઞા.
ઇશ તમારી કાપો કાપો વિપત્ત આઠે જામ;
વદુંછું આવું રે. આજ્ઞા.

પ્રવેશ. ૩

બાળચંદ્ર— **દીંડી**

સુણો આજ વચન મારું પ્રાણુ પ્યારી.
નાખો લુછી તમે નયન કેરું વારી,
કહ્યું મારું તમે લ્યોને દીલધારી;
કરો શોક ના લગીર પ્રીયા મારી.
આવીશ માસ છમાં સત્ય કહું સાર,
ઉપર દીવસતો થશેજ માત્ર ચાર;
રેહજો ધૈર્ય ધરી ત્યાં સુધીજ નારી.
કરો શોકના લગીર પ્રીયા મારી,

પ્રવેશ ૪

સત્યવ્રત—(કદમકી કુંજ મેરે કંગનો છીનાઇ લીનારે)

ઓ પ્યારા મીત્ર તું જોની વન આ કેવું બન્યું રે.
અરે જોની વન આ કેવું બન્યું રે, ઓ પ્યારા,
દીસે છે પુષ્પ તરૂપર ખીલ્યાં, ફાલ્યો દીસે ઋતુનો વસંત; ઓ૦
રમનીય દેખાવ કેવો દીસે છે, જોઇ થાય પ્રફુલ્લિત મન. ઓ૦
જોની લતાઓ ભેટીનેજ ઉભી, એના નાથ આંબાની સાથ, ઓ૦
થાઉં ગતી બંગ કદળી નિહાળી, જાણે જેને બીડાવું હું બાથ; ઓ૦

[ખંતેથી નમી તને અંતે વિનવીએ]

પ્રેમેથી નામી જગસ્વામી પ્રણમીએ,
કૃપાવાન કૃપાવાન કૃપાવાન કૃપાવાન સ્હાય સ્હાય સ્હાય સ્હાય;
ઉભય ધરીને હાથ, તજીને બધા પ્રમાદ,
નમું નમું જગનાથ, મ્હેર ધરો કૃપાનાથ;
કરીને કૃપા અગાધ, નમીએ તુને સંગાથ,
દુઃખી અમે છઇએ ભારી, સ્હાય તારી છે મુરારી;
પ્રભુજો હાવે ઉગારી, દયા બહુ દીલધારી, સ્હાય સ્હાય સ્હાય સ્હાય,

સત્યવ્રત— શાર્દુલ વિક્રીડીત વૃત.

ઉઠો મીત્ર ત્વરા કરી આતી ઘણી, હસ્તે ચડેલું જશે;
ઉભું છે મૃગલું જુઓ તરૂતળે, બેભાન એતો હશે,
જાઉં છું કરીને અતીશય ત્વરા, તેવા તમે આવજો;
જો આવે કદી દોડીએ તમ ભણી, રાખી ત્વરા મારજો,

પુષ્કળ— (ઓખા કે'છે સુણરે સાહેલી) એ રાહ.

ચાલો મીત્ર હવે ઘેર જઇએ, કરી પકવ પછી એને ખાઇએ,
પડયો નહિ શ્રમ આજ લગાર, મળ્યો આજ ઓચિંતો શીકાર;
પણ કુટી ભણી ડગ ભરીએ, વે'લા પોચી ક્ષુધા તૃપ્ત કરીએ,

પ્રવેશ ૫

(છોરે રાજા કે છોરે રાજા કે)

મારે ખાવું છે મારે ખાવું છે ક્ષુધા લાગી ખાવા આપો માડી મુને,

આગ જોરે પડિયા પેટે, ઉગ્ર ભૂખે ગભરાય;
ઘડી એકમાં પ્રાણ જશે ખાવા આપો માઇ, મારે૦
એથી ગાજો હું છું ભુખ્યો, શું કહું માડી તુજને;
આર પણ ખાતું છે માજી, ખાવા આપો મુજને, મારે૦

કુબ્જા.

માડી ભુખ લાગી ઝાઝી ખાવા આપ મને રે,
ભુખતો લાગી છે ઝાઝી કરૂં કેમ એ વાત;
અગો ખાતા બાર નહિતો ગમે શગેરની વાત. માડી૦
બે દીવસથી ભુખ્યો છુ હુ માડી આપો અન્ન;
શીથીલ થયું છે ગાત્ર મારૂં, ભોજન વિના તન. માડી૦
એ ત્રણ દીનથી નાગર આવે, તે થકી તન પીડાય,
પાણું તેમાં દુઃખ શુંવાનુ, કહો ક્રમ રહેવાય માડી૦

(રાગ ગોતાજના મહીનાનો)

હો શ્રીપતિ કરો બહાર, પ્રભુજી આણો દયા;
દયા સિંધું છો જગદાધાર, નમેર શું કરૂ થયા.
મારા અન્ન વિના ભુખ્યાં બાળ, તેનું હવે કેમ થશે
જગજીવણ લ્યો સંભાળ, નીકર તે મરી જશે.
નથી કોઈ તમો દીનાનાથ, મારે જરા આશરા;
સુણો દીન દાસી તણી અર્જ, લગીર કૃપા કરો

પ્રવેશ ૬ ઠો.

રાગ ભૈરવી ગજલ.

બાંધી બાળ આપ આમ નારી ક્યાં સિધાવશો;
દીસો તમે પપીલ કોઇ નારી ક્યાં સિધાવશો, બાંધી.
કહો તમે કૃપા કરી આ બાળક કેમ બાંધીઓ;
લઇ તમોએ બાળને હે નારી ક્યાં સિધાવશો, બાંધી.
એ બાળ હોય આપનો, કે હોય બાળ અન્યનો;
તથાપી મહુર પરહરી હે નારી ક્યાં સિધાવશો, બાંધી.

પીલુ.

રામ વહુ શું કહું દુઃખ હમારૂં, સાંભળી દીલ દુઃખાશે તમારૂં રામ.

અન્ન મળે નહી ખાવા હમોને, ભુખે તરફડે છે બાળક વારૂં; રાય.
ગૃહસ્થ મળે કોઇ ગ્રાહક આનો, બાળકનો હું આ વેચવા ધારૂ. રાય.

ગજલ.

(રસ્કે કમરજીકો જલાના નહિ અચ્છા. એ રાહ.)

સાબાશ છે સાબાશ છે હે રાજવી તુને.
જીવીત આપ્યું તેં અમોને, ધન્ય છે તુને. સાબાશ.
હજાર વાર તુજને આશીશ દેઉ છું.
દયાળુ પુન્યશાળી રાય ધન્ય છે તુને. સાબાશ.
હરી કૃપા કરી તમારૂ દુઃખ કાપજો,
ઉગારીયાં આ બાળકાં સાબાશ છે તુને. સાબાશ.

પ્રવેશ ૭

ગજલ.

નમું છુ હસ્ત જોડી હું કરોને સ્હાય હે જગરાય; ટેક.
અરે કેવું હશે ભાવી, સુઝે ના કાંઇ મુજને તે;
વિપત્તિ આજ પડશેરે શુકન માઠા મુને થાય. નમું૦
અતિ દુઃખમાં ગરક હું છું, સમય છે આ વિકટ મુજને;
હરી હજુએ શું છે બાકી, જગતના નાથ લાગુ પાય. નમું૦

રાગ આશાવરી.

(પડું છું હું વિખુટો પ્રીયા સંયોગથી તારા) એ રાગ.

તું કહાં છે મારી જાન હું વિયોગથી બળું;
દુઃખીત છું તારા વિના ક્યારે તું મળું. તું૦
પૂર્વ જન્મ પાપ મેં કર્યાં હશે અપાર,
તે પાપથી હું તુજના સંયોગથી ટળું. તું૦
હે દેવ તું શા પાપથી નીત્ય નીત્ય દુઃખ દીયે,
શા પાપથી પ્યારી વિના હું આંહી ટળવળું. તું૦

(અરે મારી આ શી દશા હરી હાય) એ રાહ.

બન્યું અરે કર્મ કુંથી આ શું હાય;
ગુરૂ વશીષ્ટની પેઠે મરાણી કરશે ગ્લાની શું હાય. બન્યું૦
આજ પ્રગટ થયાં પૂરવ પાપ હજાર;

જાણી વાત વશીષ્ટજી કરશે કોપ અપાર. બન્યું૦

अंक त्रीजो.

પ્રવેશ ૧

ચારણો— (તમે બધા બાહાદુર આંહી આવો) એ રાહ.

વધો સદાય કીર્તી તમારી, આશીશ છે એવી અમારી.
રહો રહો સદા જયકારી, છો આપ પરાક્રમી ભારી.
વદો વદો વચન શુભકારી, કરશે કરૂણા ત્રિપુરારી.
તમ રાજ્ય વિષે ન કુધારો, પણ અતિશય છેજ સુધારો.
નેનાજ હમેશ વધારો, બસ બસ પ્રજાજન સર્વે તેથી સુખકારી વધો૦

વારાંગનાઓ— (મોરી ગુઇઆં લચક લચક) એ રાહ.

મોરી આલી ઝમક ઝમક તાજ અદલ શોભે.
કનક પરે ઓપે. મોરી૦
કપટ સરવ ચપટ કર્યું દમ દમામરોપે. મોરી૦
કપટ બંધ નૃપ ડરેથી, દગલબાજ થોભે. મોરી૦

વશીષ્ટનો શીષ્ય— રાગ ભર

ગુરૂજી મારા સુણો આજ પેર, નથી ધેન આવી ગઇ કાલ ઘેર. ગુરૂ૦
ઘણી શોધ કીધી વિતનમાં ફરીને, ઘણી શોધનુ કીધી ફરી આખું શે'ર. ગુરૂ.
ખબર આવી એવી અમોને પ્રભાતે, કરી કોઇ દુષ્ટે વિતનમાંહી ઠેર. ગુરૂ.

વશીષ્ટ—(કરમ કર મેરે હાલ પર અયે કરીજી) એ રાગ.

ઘણો ક્રોધ આવે મને દુષ્ટ પર, ઘડી એકમાં જોઉં એની ખબર. ઘણો.
મને છેડીને જાય ક્યાં એ પ્રહર, કરૂં દુષ્ટને દંડ હું તો જબર. ઘણો.
હણી ધેનુ મારી ન રાખી નજર, ત્રીશંકુ થજો તેહના શીર પર. ઘણો.

સત્યવ્રત— (પ્રીયાકે ચીત બીન પ્રીતમ) એ રાહ.

દીન દયાળુ હે પરમેશ્વર, દયા ન દીલ તું ધારેરે.
પીતાજી મારા પરમ દયાળુ, સ્તુતી તહારી ઉચ્ચારેરે.
લેશ ન તેને પાપની વૃત્તિ, તોયે તું દુઃખ વધારેરે. દીન૦

(તુને કુમલા જીયરવા) એ રાહ.

શાંદ રૂએો ચોધારા હે ન્યાયી રાજા.

ઇશ કૃપાથી નક્કીજ થાશે, સુખી પીતા તમારા. હે ન્યાયી૦

વાત વિચારી રૂદન છોડો, લુએો અશ્રુની ધારા. હે ન્યાયી૦

સંકટ ટળજો આપ પિતાનું, એહ બોલ હમારા. હે ન્યાયી૦

પ્રવેશ ૨

ભાળચંદ્ર—

નમુ ત્રિપુરારી, ઉભય હસ્ત ધારી. નમું.

ઉભય હસ્ત ધારી, હૃદયમાં ઉતારી છબી તારી ન્યારી; નમું.

સુખને પમાડનારી, શોકને ઘટાડનારી;

આનંદ વધારનારી, અતિ સુખકારી છબી તારી ન્યારી; નમું.

વદુ શીશ નમાવીને, જોડીને દ્રય હાથ;

જાની દીન મને પ્રભૂ; સ્હાય થજો જગનાથ;

મને ત્રિપુરારી, ફ્ક્ત આશ તારી;

કરીને કૃપા આજ લેજો ઉગારી નમુ.

(સુંદીર મુખ તંદુલ તનું નંદીકેશ્વર) એ રાહ દક્ષણી.

દુઃખદ સમય નષ્ટ કરણુ વંદુ ઇશ્વર,

ત્રિવીધો તાપ કષ્ટ હરણુ ગિરીજાવર. દુઃખદ.

સુખદ કરણુ સ્મરણુ સદા ત્રાહીશંકર;

ત્રિલોચના ત્રીશુલ પાણી સવ ભય હર;

કરણુ સદા અસુર મરણુ હે જટાધર,

તારો તારો તારો ભવનાધાંથી અગમ ગતી તારી ઈશ્વર;

વૃષભધ્વજ ત્રિશુળ પાણી ચંદ્રશેખર; -

દીન શરણુ અકળ ગતી હે દીગંબર;

ચરણુ કમળ વંદુ સદા જાન્હવીધર,

પાહી પાહી પાહી જગકર્તા વળી ભર્તા સંહરતા કષ્ટભવ હર; દુઃખદ.

ભાળચંદ્ર— (અયે બદીમે પાયાગઃમ) એ રાગ.

અયે પુરણુ બ્રહ્મ જગદીશ, નમાવુ શીશ,

ભવ કષ્ટ હરો ઉર મહેર ધરો કઈ વંદન હું એ ઇશ; અયે.

કરૂં વંદન વારંવાર, નમું પ્રભુ સાર,
આવાર કૃપા મન ધારી કરી દુર કાપ્યું કષ્ટ અપાર. અયે.
થયો કૃતાર્થ જગદાધાર, દુઃખી ન લગાર;
દર્શન દીધું જવ જગપતી તવ ટળીઆ દુઃખ અપાર;
તમ દરશન દુઃખ દુર જાએ અભીમાન તજી હું નમું પાએ;
કરી કૃપા અપરમીત જગરાયે હવે રહ્યું ન દુઃખ નીમીશ નમાવું શીશ અયે.

ગીતી.

અંતર્યામી સાચા, ઘટ ઘટ સૌમાં રહ્યા તમે વ્યાપી.
આશ કરો મમ પૂરી, હે શંભુજી ઈચ્છીત વર આપી.

પ્રવેશ ૩.

હરીશ્ચંદ્ર— (નિમળા વિના હું ઘેહેલો) એ રાહ.

છે પિતાને કષ્ટ ઝાઝું તેનું શું કરૂં
ખેદ થાએ ધૈર્ય તે હું શી રીતે ધરૂં; છે.
છે અપરમીત દુઃખ મારા તાતને આ વાર;
પ્રેમ તેનો એક ઘડીએ ના હું વીસરૂં; છે.
રોજ થાએ મન ચીંતા તેહની અપાર;
ગમગીનીમાં હર ઘડી હું બાવરો ફરૂં; છે

તારામતી— (શરર બશરકો ફીર બે લાના) એ રાહ.

ગમગીનીમાં વખતને ગુજારીએ, નાથ મારા કલેશ આ મન ધારીએ. ગમ.
શું રહો ગમગીન થઈ નીશદીનમાં, છે ભીંજાયાં નેત્ર અશ્રુ વારીએ. ગમ.
શુ કહું હું ચાતુરીમાં પ્રવીણ છો, ધૈર્ય રાખી દીલગીરી ન વધારીએ; મન.

હરીશ્ચંદ્ર—(અરે મુવે છોડ મેરી બાંહરે મુરકીયાં) એ રાહ

આનંદ આનંદ આવ્યા પિતા મહ આજરે.
વૃદ્ધી થઈછે આજ જુઓને, તપના બળથી કેવા દીપેછે મ્હારાજરે; આ.
ચાલ વધાવા જાઉં હું સામો, સાથે લેઇ પુષ્પ આદી વધાવાનો સાજરે; આ.

પ્રવેશ. ૪.

વારાંગનાઓ— (બતા દે સખી) એ રાહ.

શોભે છે સખી બાળચંદ્ર મહારાજ;
પ્રજાજન પ્યારારે, કાપીઆ કુધારારે;
અમર રહો અધીરાજ. શોભે૦

દરબારીઓ—(ખીલી વસંત બહારરે ભાગે ફુલ બાગ.)

વ્યાપી રહ્યો ચોદીશરે, રાજા સુજશ તારો.
ચડતી થઇછે આપ પ્રતાપે, પ્રસન્ન કીધા ઇશરે. રાજા૦
સ્વર્ગની પ્રાપ્તિ હોજો તમોને, એવીજ છે આશીશરે. રાજા૦

બારોટ— કવીત.

સુર્ય તેજવાન હોય, ઇંદ્ર જો પ્રતાપવાન,
મુરારીની સાત્વીકી વૃત્તી જો વખણાઇ છે.
શંકરનુ પરીબળ, વેગ વાયુ દેવતાનો;
મન વિદ્યા બ્રહ્મ તણી ગહન ગણાઇ છે;
બાળચંદ્ર મહારાજાની સુકીર્તી દશે દીશામાં;
સ્વર્ગ મૃત્યુ લોકમાં ને પાતાળે ભણાઇછે;
તેમનો જે પૌત્ર હોય ધર્મશાળી નીતીમાન;
કહો શી ! વીચાર કરી નવાઇ જણાઇ છે.

ખેલાડીઓ—(સેર નામના નીશદીન તમામ) એ રાહ.

રાગ આપને હરદીન સલામ કરીને ખેલીયે ખેલીયે,
ભૂપતી હજુર સારે સારે સૌ ધરતી થરથરતી;
નૃપવર તમામપર સરદારી, રાજના તાજની ખરી,
અંબારની ઝળક ઝળકછે વખણાણી તેમ તમારા.
રાજના તેજની ફડક ફડક એમે પીછાણી ફરકે ફર,
ફર ફર એ નભમાં શુભ પતાકા આપની જાણી. રાય૦

સત્યવ્રત— (હાયરે નસીબમાં) એ રાહ.

હાયરે દુઃખી હું હાય ક્યાં સુધી;
હાયરે દુઃખી હું હાય ક્યા સુધી, દુષ્ટનીકંદન હે જગવંદન તનમનના સુખી
બનુંછું ભાવે સોયે કયમ દુઃખી. હાય૦

પુષ્કળ— (ધન્યછે વજીર) એ રાહ.

આવું ના લગીર ખાસ મીત્ર દીલગીર.
ચડતી પડતી નીત્ય ચાલી જાય;

રાય રંક રંક રાય થાય.
કરશે સ્હાય જગત રાય, રાખ મન ધીર. મારા૦
રાત્રી પુઠે દીવસો ખરો, થાય એમ તર્ક તો કરો.
રાખ ધીર મુજવીર દુઃખ ન રહે સ્થીર. મારા૦
ચાલ જઇયે વિશ્વામીત્ર પાસ;
મીત્ર મારા થઇશ ના ઉદાસ.
મન સ્થીર રાખી ધીર ચાલ જઇયે વીર. મારા૦

સત્યવ્રત— ભૈરવી ગજલ.

હું ધારૂં કે મારા સમાન કો નહિ દુઃખી.
જગત માંહી હું સમાન કો નહિ દુઃખી. હું
વધતુ જાય રોજ રોજના હજુ ઘટે જરી;
સીમા ન રહી લગીર તોયે ના ગડુ દુઃખી. હું.

પ્રવેશ ૬.

ભીલ—ઓલ્યા પરભુને પરટાપે વરહેછ રૂડો મેહુલોઃ
મને હરખ ન માય. ઓલ્યા.
ઢોરાંની ભુખ હવે ભાગહે.
ખાહે ઈટા ધરાર, ઓલ્યા.
પોણી ભરા હેટલાવમાં, ઓલ્યાં ઢોરાંની ફાજ;
સોનીકુ ઘરમેંથી કાઢીયે, જાશું શીમમે સંગાથ.

ભીલડી— (મરેતો માંડવો ચાલુ) એ રાગ.

હાલેતો આપણે જઇયે.
કાલકા માને દઇશું રૂડાં વધામણાં. હાલે૦
ઉજાણી તો કર હું રૂડી આપણે;
ખાશું ખીર રાંધીને આજ. હાલે૦
લઈએ ઢગ ઢમતુ એક દાખલું;
ફરીએ માના સાસર માંહ. હાલે૦

પ્રવેશ. ૭

રૂષિપત્ની— **(હાય કામની આમ વેદના) એ રાહ.**

ભલે પધાર્યા પ્રાણ પતિમમ હર્ષ ઘણો મુજને;
હર્ષ હર્ષ છે આપ દર્શને—

ઋષી—ચેન શરીર તુજને.

પત્ની—ચેન મળ્યુના દુઃખ ટળ્યુના આજ સુધી તનને,
તમને જોતાં દુખડાં ખોતાં ચેન આજ મનને,
ભલે પધાર્યા પ્રાણપતિ મમ, આજદીન સુધી ભુલી ગયા કયમ?
છેક નમેરા થયા હતા કયમાં દીન સર્વ ગાળ્યાછે જાગતમ.

ઋષી—એમ એમ શું અર અર અર હર હર હર હર હર,
પરહર પરહર ખેદન કર કર તું પ્રીએ મારી;
ધન્ય ધન્ય તુજને ભલે૦

ઋષી— **દક્ષણી લાવણી.**

ફીકર છોડી દે, સુજ્ઞ પ્રીએ મારી રે,
ફીકર છોડ, પ્રભુ સમોડ, ધારીને કોડ હાથ જોડ;
થાશે સુખકારીરે; ફીકર.
મમ પ્રમાણથી એનું દુઃખ ટાળું રે,
પુરૂ આશ, દુઃખ પાસ, કરૂં વિનાશ, ધરશુ આશ;
પાપને પ્રજાળું રે, ફીકર.

લાવણી.

સત્યવ્રત— **(દેખા નહીં કછુ સાર) એ રાહ.**

કરો કૃપા આ વાર, ઋષીજી કરો કૃપા આ વાર;
દીન જાણી મન દયા આણીને, કરો કૃપા આ વાર;
ઘણા દીવસથી પડે વિપત્તી, સહન કર્યુ દુઃખ સાર;
અન્નવારીને અર્થે ફરતો, ફરૂં વિપીન મોઝાર. ઋષી.
કલ્પવૃક્ષ માગણને આપે ઈચ્છીત ફળ નીરધાર;
તેમ નમતાં આપ ચરણમાં રહે ન દુઃખ લગાર. ઋષી.

કૌસીક—(માર માર તરવાર ઉભો જુએ છે શું) એ રાહ

ઝટપટ તુને દુઃખ થકી છોડાવું હું,
છોડાવું છોડાવું છોડાવું હું; ઝટ૦

થગો અભીમાની વસીષ્ઠ જાણો,
તેનો અભીમાન તોડાવું હું; ૩૮૯
કુરૂપ રૂપ તારૂં ઘડીમાં કાપું,
દેવેન્દ્ર રાજા તને બનાવું હું; ૩૯૦
બારાટ તાહરી બાની હું બાંધુ;
સ્વર્ગ સદન તને અપાવુ હું. ૩૯૧

ગીતી.

જેને તપ બળ મમ સાચું, રતી પતી સમ રૂપ ત્રિશકુનુ થાજે;
એક પ્રહરની અંદર, અમર લોકમાં એહ રાય જાજે,

પ્રવેશ. ૮

તારા પાવરધા સૂર પૂર અહા,
તું રાજન પ્યારો, દેવનો દાનવનો જમીનનો;
અરણ્યનો, કાન્નરનો માનવનો ચાલે હુકુમ,
સારો સારો. તારા.
તું રાજન પ્યારો, હાકમ પ્યારો, ઈંદ્ર પ્યારો, સ્વર્ગ મૃત્યુ
પાતાળમાં સારો સારો ગાંધર્વમાં કીન્નરમાં,
હુકુમ છે તારો તારો. તારા.

દેવ— (અરે લાલદેવ ઇસ તરફ જલદી આ) એ રાહ.

સુણોને કૃપાળુ શચીના પતી.
કરૂં હાથ જોડી તને વીનતી;
થઇ છે અનીતી અતી રાજવી,
પધારે સ્વદેહે અહીં માની.

પ્રવેશ. ૯

(દુષ્યન્તની સાથે કરી તારી પ્રીતી પ્યાર) એ રાહ.

નેપથ્યમાં—

થાઉં થાઉં હે ઋષી પતીત સ્વર્ગથી વ્યોમ,

ઋષી—રે'જે રે'જે ત્યાં જતુ ગગ પરતાપે વ્યોમ;

જરા ન બીક રાખતું, દુઃખી ટળી સુખી થશે;
સમસ્ત દુઃખ તાહરૂં પ્રહર વિષે ટળી જશે.
બનાવું સૃષ્ટી હું નવી, વસાવુ તેહ લોકમાં;
લગાર ધીર રાખ તું, દુઃખી ટળી સુખી થશે;

બ્રહ્મા— (અરે ઓ પરી સબજ ઓ બે હુયા) એ રાહ

સુણોને ઋષીજી કરૂં વિનતી.
શમાવો હવે કોપ થય છે અતી; સુણો.
બનાવો વધારે નહી સૃષ્ટીને,
સુણી અરજ મારી અરે મહામતી; સુ૦
અપાવું ત્રિસંકુને હું સ્વર્ગરે,
શમાવો નવી સૃષ્ટી હાવે થતી; સુ૦

વિશ્વામિત્ર— (ના ડરતી પ્રાણુ ધાર) એ રાહ.

લાગુ છું આપ પાય,
બે કરજોડી કરૂં છુ વંદન;
પામ્યો જગતપતીનું દર્શન,
કીધી આવી સ્હાય. લાગુ૦

ત્રિશંકુ— સાખી.

દર્શન કરતાં માત પિતનું, હર્ષ ઘણો મન થાએ,
સંકટ ટળીયું ભવનું મારૂં, તાતજીને પરતાપે;
નમ્ર થઈ પ્રાગુમું, તત્ર પદ પંકજ માંડી નમું,

(અરજી ઉપર લક્ષ ધારો)એ રાહ.

હરીશ્ચંદ્ર—ગર્વ તજીને, ભક્તિ સજીને, ઇશ ભજીને ધરીને પ્યાર.
બાળચંદ્ર—તેં સમજીને, નીત્ય હરીને, ફરી ફરીને ધરીને પ્યાર.
સુશીલા—દુઃખથી ટળીએ, તુજ ગુણ કળીએ, તુજને મળીએ ધ-

રીને પ્યાર.

શશીકળા—પાપ નિવાર્યું, નામ વધાર્યું, કુળને તાર્યું ધરીને પ્યાર.

બાળચંદ્ર—તાર્યું કુળને, ધન્ય છે તને, હર્ષ છે મને, મુજ દર્શને

બધાં—ભેટીએ ધરીને પ્યાર.

સમાપ્ત.

Finished,

અગાઉથી ગ્રાહક થઇ આશરો આપનાર સદગ્રહસ્થોના મુબારક નામ,

---

૨૫ રા રા. મગુભાઇ કાળીદાસ.

૧ શા. છોટાલાલ ગણપત.

૧ શા. જીવાભાઇ ગલાબચંદ

૨ વ્યાસ છોટાલાલ જેશંકર.

૧ મીર ફીરોજઅલી વલદે ગજરઅલી.

૧ આગા. હસન ચીરાગઅલી.

૫ રા. રા. હીરાલાલ બાપુલાલ.

૫ બારોટ કાનજી જીભાઇ.

૧ ગોલા. ભલુ છગન.

૧ ગોલા મોતીલાલ ફુલાભાઇ

૨ શા. ગફુરભાઇ મોહોલાલ.

૨ જોશી બાઇશંકર નાથાભાઇ.

૨ શા. બાઇલાલ વીજવલવદાસ.

૧ રા. રા. લખમીચંદ દવાખાનામાં કારકુન.

૧ શા. વજેચંદ મેળાપચંદ.

૨ બાગલ કુરશંકર જેશંકર.

૨ અંબાલાલ છગનલાલ પંડયા.

૧ રા. રા. ત્રીભોવન નાનાલાલ.

૧ માસ્તર મગનલાલ આશારામ.

૧ શા. મોહનભાઇ નાથાભાઇ.

૧ શા. ડાહ્યાભાઇ મોહનલાલ.

૧ વાલી માણેકલાલ મુળચંદ.

૧ વાલી ધનજી ઇશ્વર.

૧ પંડયા. ચુનીલાલ દલપતરામ.

૫ શા. મોહનલાલ મગનલાલની કંપની.

૩ શા. હેમચંદ છગનલાલ.

૧ રા રા. માધવરામ હરીનારણ રેવન્યુ અધીકારી સાહેબ

૧ શા. ઉમેદ મગનલાલ.

૫ લાડ. માણેકલાલ મોહનલાલ.

૧ બ્રાહ્મણ મણીશંકર કીલાભાઇ.

૧ રા. રા. લક્ષ્મીનારાયણ નંદરામ.

૧ રા. રા. મણીશંકર હરીભાઇ.

૫ ખાન શ્રીનીજામહમદ હમદખાનજી રાણપુરના રાજા સાહેબ.

૨ ત્રીવેદી કનૈયાલાલ કેશવજી.

૧ મેતા જગુભાઇ નાથાભાઇ.

૧ રા રા. કેશવલાલ બાપુલાલ

૧ વકીલ માણેકલાલ ચુનીલાલ

૨ લાડ અચરતલાલ માણેકલાલ.

૫ બ્રાહ્મણ અમરતલાલ ચંપકરામ.

૧ મેતા મોતીલાલ કલ્યાણજી.

૧ ઠકર બેહેચર હરીભાઈ.